## જન્મદિને વધામણી


રઈબેન ગોવિંદજી ઠાકોર


સી એમ લીલાણી
ખજાનચી અને ઉપપ્રમુખ
ગુજરાત સિંધુ ધામ અને
ઝુલેલાલ સાંઇબાબા મંદિર
મો. ૯૪૨૭૬ ૩૨૪૭૭


યજ્ઞવલ્ક રાજેશભાઈ ઠાકોર


શિવ પિન્કેશ ઓઝા
મો. ૯૮૨૪૨ ૮૩૨૧૯

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષકોના તેજસ્વી સંતાનોને સન્માનાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મીઠાભાઈ પટેલ તથા મહામંત્રી જગદીશભાઈ પટેલના જણાવ્યા મુજબ ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ચાલતી શિક્ષકસહાય યોજના અંતર્ગત પ્રાથમિક શિક્ષક સંઘના શિક્ષક સભાસદોના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવશે. ધોરણ-૧૦ અને ૧૨ના સામાન્ય પ્રવાહમાં ૭૦ ટકા, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૬૫ ટકા ગુણ પ્રાપ્ત કરનાર શિક્ષકોના તેજસ્વી સંતાનોમાંથી પ્રથમ, દ્વિતિય, તૃતિય ક્રમ પ્રાપ્ત કરનારને ૨૫, ૨૦, ૧૫ ગ્રામ ચાંદીની મુદ્રાથી સન્માનિત કરવામાં આવશે. નિયત ટકાવારીથી વધુ ગુણ મેળવનારને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે.

આ માટેનાં નિયમ ફોર્મ ભરીને તા. ૨૦ જુલાઈ સુધી પહોંચાડવાનાં રહેશે. નિયત ફોર્મ શિક્ષક ભવન, ગાંધીનગર તથા તાલુકા સંઘના પ્રમુખ, મંત્રી પાસેથી મળી રહેશે. તારીખ ૨૫ જુલાઈ સુધીમાં આ ફોર્મ પરત શિક્ષક સંઘના કાર્યાલયને મળી જાય તે રીતે મોકલવાના રહેશે એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી માન્ય ડિપ્લોમા કક્ષાના જ્યોતિષ વર્ગોમાં પ્રવેશ જોગ

ગાંધીનગર, તા. ૯

ધ વૈદિક ઍસ્ટ્રોલોજીકલ ફાઉન્ડેશન, ગાંધીનગરને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા જ્યોતિષ શાસ્ત્રના ડિપ્લોમા કક્ષાના પાંચ કોર્સ શરૂ કરવાની માન્યતા આપવામાં આવી છે. આ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ તા. ૧૯ અને તા. ૨૬ જૂન તથા ૩ જુલાઈ, ૨૦૧૬, રવિવારના દિવસે જ પ્રવેશ માટે સંપર્ક કરવાનો રહેશે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનીવિર્સિટી દ્વારા ફાઉન્ડેશનને ડિપ્લોમા ઈન યોગ/મંદિર વ્યવસ્થાપન, જ્યોતિષ, વાસ્તુશાસ્ત્ર અને કર્મકાંડના અભ્યાસ શરૂ કરવાની માન્યતા આપવામાં આવી છે. આ તમામ કોર્સ એક વર્ષના છે. આ કોર્સમાં રસ ધરાવનાર વ્યક્તિએ ઉપર જણાવ્યા મુજબના દિવસોએ શ્રી સરસ્વતી ડિપ્લોમા અભ્યાસ કેન્દ્ર, શ્રી સરસ્વતી વિદ્યામંદિર, પ્લોટ નં. ૬૯૭, સૅક્ટર-૬ બી, ગાંધીનગર ખાતે સવારે ૧૧ કલાકે સંપર્ક કરવાનો રહેશે તેમજ આ જ તારીખથી વર્ગોનો આરંભ પણ થશે. આ અંગેની વધુ વિગતો માટે દિપાલીબેન જોષી તથા પ્રમુખ વીણાબેન વૈષ્ણવના મોબાઈલ નંબર ૯૯૨૪૪ ૯૮૧૫૯ તથા ૯૮૨૪૬ ૪૭૪૩૫ પર સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# લીંબોદરા હાઈસ્કૂલમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો



## બાળકોને પુસ્તક વિતરણ, કન્યાઓને સાઈકલ વિતરણ કરી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૯

શ્રી પી પી આર શાહ હાઈસ્કૂલ, લીંબોદરા ખાતે ધોરણ-૬ અને ૯ના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો.

જિલ્લા કલેક્ટર સતીષભાઈ પટેલ તેમજ શાળા પ્રવેશોત્સવના જિલ્લા અધિકારી કે સી દેશમુખના હસ્તે બાળકોને પુસ્તક વિતરણ, કન્યાઓને સાઈકલ વિતરણ કરી પ્રવેશ આપવામાં આવ્યો હતો. મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સરપંચ, તાલુકા પંચાયતના સદસ્યે તથા પદાધિકારીઓ, ટ્રસ્ટી ભરતસિંહ તથા મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભામાં અભિવૃધ્ધિ કરી હતી. આચાર્ય તેજસિંહ પરમારે આભાર દર્શન પ્રગટ કર્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હાઉસફૂલ ૩
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
ટીન
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૩**
વૉરક્રાફ્ટ (૩ડી અંગ્રેજી)
૨.૩૦, ૭.૩૦
વૉરક્રાફ્ટ (૩ડી હિન્દી)
૫.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
હાઉસફૂલ-૩
૧૦.૦૦
દો લફ્ઝોં કી કહાની
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

ગુજરાતમાં એકમાત્ર ગણપત યુનિવર્સિટી દ્વારા મૂલ્યવાન સવલત

# ધો. ૧૦ પછી ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવી ઉત્તમ કારકિર્દી બનાવવાની તક

## ધો. ૧૧-૧૨ અને જેઈઈ જેવી પરીક્ષાના માનસિક તણાવમાંથી મુક્તિ અને સઘન અભ્યાસની અનોખી તક !

ગાંધીનગર, તા. ૯

ગુજરાતની યુનિવર્સિટીઓમાં પ્રથમ હરોળનું સ્થાન ધરાવતી અને 'હાઈ-ટેક' યુનિવર્સિટી તરીકેની પ્રતિષ્ઠા પામેલી ગણપત યુનિવર્સિટી ઊચ્ચ શિક્ષણ-ક્ષેત્રે હંમેશા કશુંક નોખું અનોખું કરીને પોતાના વિદ્યાર્થીઓની કારકિર્દીનું શ્રેષ્ઠ નિર્માણ કરવાની ખેવના રાખે છે, જેને અનુસરીને ગણપત યુનિવર્સિટીએ તાજેતરનાં વર્ષોમાં ડિગ્રી એન્જિનિયરિંગ ક્ષેત્રે આઈબીએમ જેવી વિશ્વવિખ્યાત અને અગ્રેસર કૉમ્પ્યુટર કંપની સાથે દેશમાં સૌ પ્રથમવાર જોડાણ કરી કૉમ્પ્યુટર એન્જિનિયરિંગમાં 'ક્લાઉડ બેઝ્ડ એપ્લિકેશન્સ', 'મોબાઈલ એપ્લિકેશન્સ' અને 'બિગ ડાટા એન્ડ એનાલિટિક્સ' એમ ત્રણ વિશિષ્ઠ સ્પેશિયલાઈઝેશન સાથે ડિગ્રી અભ્યાસક્રમો ઓફર કર્યા છે તો ગુજરાતમાં પહેલી જ વાર મરિન એન્જિનિયરિંગનો હાઈ-ટેક અને ઊંચા પગારવાળી મોભાદાર નોકરી મળે તેવો કૉર્સ પણ રજુ કર્યો જેની પહેલી બૅચ આ વર્ષે તેની હાઈપ્રૉફાઈલ કેરિયરનો ગરવો પ્રારંભ કરશે.

ઉપરોક્ત બંને કૉર્સ ધો.૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે છે પરંતુ ધોરણ ૧૦ પછીના વધારે મોટી સંખ્યાના વિદ્યાર્થીઓ માટે પણ ગણપત યુનિવર્સિટીએ સીધા જ ડિપ્લોમા-ડિગ્રીના સંયુક્ત કોર્સમાં પ્રવેશ મેળવી વધારે 'સ્માર્ટ એન્જિનિયર' બનાવતો ફાયદાકારી કૉર્સ પણ ઑફર કર્યો છે.

કૉમ્પ્યુટર એન્જિ., મિકેનિકલ એન્જિ., ઈલેક્ટ્રિકલ એન્જિ., સિવિલ એન્જિ. અને ઑટોમૉબાઈલ એન્જિનિયરિંગ જેવી પાંચ મહત્વની વિદ્યાશાખાઓમાં ધો. ૧૦ પછી સીધો જ પ્રવેશ આપતા આ છ વર્ષના ડિપ્લોમા-ડિગ્રી સંયુક્ત અભ્યાસક્રમના બે મોટા ફાયદાઓ એ છે કે એમાં ધો. ૧૧ અને ૧૨ તેમજ જેઈઈ જેવી પરીક્ષાઓની માનસિક તણાવમાંથી મુક્તિ મળે છે તો પૂરા છ વર્ષના માત્ર એન્જિનિયરિંગના જ અભ્યાસને કારણે જે-તે વિષયનું સઘન અને ઊંડુ જ્ઞાન મળે છે. વળી, ડિપ્લોમા કર્યા પછી અલગથી ડિગ્રીના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાની ઝંઝટ પણ મટી જાય છે !

કોઈ સંજોગોમાં વિદ્યાર્થી ત્રણ વર્ષ પછી આગળ અભ્યાસ ચાલુ રાખી ન શકે તો પણ તેને ત્રણ વર્ષનો ડિપ્લોમા કૉર્સ પૂરો કર્યાનું સર્ટિફિકેટ તો મળે જ છે ! ગણપત યુનિવર્સિટીનાં 'ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી' દ્વારા ઓફર થતા આ કૉર્સને ગુજરાત સરકાર તથા યુજીસીની માન્યતા હોવાને કારણે વધુ ઉચ્ચ અભ્યાસ માટે કે અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા જેવાં દેશોમાં જઈને કારકિર્દીને વધુ ઉજ્જવળ બનાવવા માટે પણ તમામ તકો રહેલી છે !

ધોરણ દસના વિદ્યાર્થીઓને એન્જિનિયરિંગમાં શ્રેષ્ઠ કારકિર્દી બનાવવા માટેનો રાજમાર્ગ સુલભ કરી આપતા 'ગણપત યુનિવર્સિટી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી'ના આ ડિપ્લોમા-ડિગ્રી સંયુક્ત કૉર્સમાં ગુજરાત રાજ્યની ડિપ્લોમા માટેની સેન્ટ્રલ એડમિશન કમિટિની ઑન-લાઈન પ્રક્રિયા દ્વારા તેમજ સંસ્થાના પોતાના મેનેજમેન્ટ ક્વોટા દ્વારા મેરિટ પ્રમાણે પ્રવેશ મળી શકે છે.

આ મહામૂલા કૉર્સની વિશેષ માહિતી માટે યુનિ. કૅમ્પસ ઉપરાંત ફોન નંબર ૯૮૭૯૫૧૫૨૭૨, ૯૮૯૮૪૭૭૧૩૮ અને ૯૭૧૪૧૬૧૭૭૧ ઉપરથી પણ કાઉન્સેલિંગની વ્યવસ્થા સુલભ છે.

# આદેશ્વર એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ચોપડા વિતરણ



આદેશ્વર એજ્યુકેશન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સતત છ વર્ષથી વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરવામાં આવે છે, એ ક્રમ આ વર્ષે પણ જાળવવામાં આવ્યો હતો. વેજલપુર શાંતિનાથ એપાર્ટમેન્ટ ખાતે જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને ચોપડા વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ૧ હજારથી વધુ વિદ્યાર્થીઓને આ ચોપડાનો લાભ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે ટ્રસ્ટના અગ્રણી લાખનભાઈ બી ચુડાસમા, રસિક ધનજીભાઈ વોરા (વલ્લભીપુરવાળા), પ્રવીણભાઈ એમ શાહ તેમજ અતુલભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

## કવિ કલાપીની આજે પુણ્યતિથિ

# હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે, પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે

**પ્રસંગસર**
**સ્વાતિ શુક્લ**

આજે ૧૦મી જૂનના દિવસે આપણા પ્રણયના કવિ કલાપીની પુણ્યતિથિ છે. આ નિમિત્તે તેઓની રચનાોને યાદ કરીએ. આજે વૉટ્સઅપ અને ફેસબૂકના યુગમાં કવિ કલાપી, કાન્ત કે ન્હાનાલાલને કોણ યાદ કરે છે? અમરેલી જિલ્લાના લાઠી ગામના રાજવી કવિ 'કલાપી'નું મૂળ નામ તખ્તસિંહ ગોહિલ હતું.

૨૬-૧-૧૮૭૪ના રોજ લાઠીના રાજકુંવર તરીકે જન્મનાર કવિ કલાપીએ માત્ર ૨૬ વર્ષનું આયુષ્ય ભોગવી તા. ૧૦-૬-૧૯૦૦ના રોજ આ દુનિય છોડી દીધી હતી. પરંતુ તેમણે લખેલી યાદગાર કવિતાઓથી આજે પણ કવિતાપ્રેમીઓનાં હૈયામાં તેમનું સ્થાન સ્હેજેય ઓછું થયું નથી.

કલાપી એટલે મોર. એમની કવિતા વાંચતા જ ભીતરમાં અકબંધ પટેલી સંવેદનાઓ મયૂરની જેમ થનગનવા લાગે. તેમને પ્રેમ, પ્રકૃતિ, શાંતિ, સૌંદર્ય, કલા, અહિંસા જેવા ગહન વિષયો પર કવિતાઓ લખી છે. 'શિકારીને' નામનુ કાવ્ય અનુષ્ટુપ છંદમાં છે.

રહેવા દે રહેવા દે આ સંહાર યુવાન ! તું ,ઘટે ના ક્રૂરતા આવી, વિશ્વ આશ્રમ સંતનું
પક્ષીને પામવાને તો છાનો તું સુણ ગીતને, પક્ષી તેના પ્રભુ સાથે હૈયામાં મળશે તને
સૌંદર્ય વેડફી દેતાં ના ના સુંદરતા મળે
સૌંદર્ય પામતા પહેલાં સૌંદર્ય બનવું પડે
સૌંદર્ય ખેલવું એ તો પ્રભુનો ઉપયોગ છે, પોષવું, પૂજવું એને, એ એનો ઉપભોગ છે

કલાપીનું આ પ્રસિધ્ધ કાવ્ય છે. ગાંધીજીનો આશ્રમ સ્થપાયો નહોતો એ પહેલાં અહિંસાનો મહિમા આ કાવ્યમાં ગાયો છે. આ કાવ્યમાં કરૂણા છે, વિનંતી છે. કવિએ આખા વિશ્વની અદ્ભૂત કલ્પના કરી છે. સમગ્ર વિશ્વ એ સંતનો આશ્રમ છે.

શાર્દૂલ વિક્રિડીટ છંદમાં રચાયેલું 'કાશ્મીરનું સ્વપ્ન' આ કાવ્યમાં પણ ગુફા, અંધકાર, કાળી ઘટા તથા વિશાળ વૃક્ષોનું સૌંદર્ય શબ્દસ્થ કર્યું છે. પશ્ચાતાપનું કાવ્ય 'એક ઘા'માં ઊર્મિઓનો ધોધ વહે છે. આ કાવ્યની ઊર્મિઓ મંદાક્રાંતા છંદમાં વહે છે.

તે પંખીની ઉપર પથરો ફેંકી દીધો, છૂપ્યો તે, ને અરરર ! પડી ફાળ હૈયા મહીં તો !
રે રે ! લાગ્યો દિલ પર અને શ્વાસ રૂંધાઈ જાતા
નીચે આવ્યું તરુ ઉપરથી પાંખ ઢીલી થતાં માં

આ કાવ્યમાં પશ્ચાતાપ, ઊર્મિ, આવેશ - બધું જ છે. કવિ કલાપીએ છંદમાં પણ પ્રયોગશીલ અભિવ્યક્તિ કરી છે. આ કાવ્યનો ઢાળ અનુષ્ટુપ છંદમાં પરંતુ નિયમો મંદાક્રાંતા છંદના છે. કવિનું હૃદય એટલું કરૂણાસભર છે કે પંખી પર પથરો ફેંક્યો, પછી શું ? ફરીવાર તે પંખીતેની પાસે આવશે ? અને આવશે તો પણ ડર હશે. પ્રેમ નહીં હોય. કાવ્યનો ઉપાડ જ અદ્ભૂત છે. ધીમે-ધીમે કાવ્ય એ રીતે ગતિ કરે છે જાણે આપણે ખુદ પંખીને ઉડી જતા જોઈ શક્યા હોય. અંતમાં કવિ સમગ્ર ઘટનાને શ્રદ્ધા તરફ દોરી જાય છે.

'રે રે ! શ્રદ્ધા ગત થઈ પછી કોઈ કાળે ન આવે,
લાગ્યા ઘ ને વિસરી શકવા કાંઈ સામર્થ્ય ના છે.'

અન્ય એક સોનેટ 'મને જોઈને ઊડી જતાં પક્ષીઓને', એમાં પણ સીધું સંબોધન પક્ષીઓને જ કર્યું છે.

'રે પંખીડા, સુખથી ચણજો, ગીત વા કાંઈ ગાજો,
શાને આવા મુજથી ડરીને ખેલ છોડી ઊડો છો ?.
પાસે જેવી ચરતી હતી આ ગાય, તેવો જ હું છું.
ના, ના, કો દી તમ શરીરને કાંઈ હાનિ કરું હું'.

આ બાર પંક્તિના કાવ્યમાં કરૂણતા, આર્દ્રતા અક્ષરે અક્ષરે છલકાય છે. કવિનું હૃદય એટલું કોમળ છે કે એમને જોઈને પંખીઓ ઊડી જાય છે એ ઘટના એમનાથી સહેવાતી નથી. જેમ ગાય ચરે છે એમ હું છું. આ કાવ્ય દ્વારા કવિ પ્રકૃતિ, પંખી અને માનવ સંબંધ ગહેરો બનાવવાનો સંદેશો આપે છે. પ્રકૃતિ પાસે બધા સરખા છે. કોઈ કોઈ ઉપર જોહુકમી કરતું નથી. 'ખુલ્લું મારું ઉપવન સદા પંખીડા સર્વને છે. રે રે તોયે કુદરતી મળી ટેવ બીવા જનોથી.' આ કાવ્યની વાણી સરળ છે છતાં અર્થસભર છે. સમગ્ર જગત ભાવ પર નિર્ભર છે. 'જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની' આ પંક્તિથી આપણે પરિચીત જ છીએ. આપણે કવિના પ્રણય ત્રિકોણની વાર્તામાં રસ દાખવીએ એટલો જ રસ તેમની રજૂઆત, પ્રયોગશીલતા, છંદનું અદ્ભૂત જ્ઞાન, પ્રવાહી શૈલી વગેરે... કાવ્યાત્મકતા ઉપર દાખવવો જોઈએ.

માનવજીવનના જે સનાતન મૂલ્યો છે - ભૂલો કરવી, પશ્ચાતાપ કરવો અને પછી નિરાશાની ગર્તામાં ધકેલાઈ જવું, તેના તરફ પણ આ કવિની વાણી કોઈ સંતની જેમ વહેતી થઈ છે. નિરાશામાંથી આશા તરફ, ભૂલમાંથી પસ્તાવા તરફ અને પસ્તાવામાંથી પવિત્રતા તરફ લઈ જનારો એક અમર વિચાર વિસ્તાર માત્ર કરૂણરસના કવિ કલાપી જ રચી શકે.

'હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.'



**આપની યાદી**

જ્યાં જ્યાં નજર મ્હારી ઠરે યાદી ભરી ત્યાં આપની;
આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની!

માશૂકોના ગાલની લાલી મહીં લાલી, અને
જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની!

જોઉં અહીં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર,
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની!

તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં,
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની!

આ ખૂનને ચરખે અને રાતે હમારી ગોદમાં,
આ દમબદમ બોલી રહી ઝીણી સિતારી આપની!

આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા;
યાદી બનીને ઢાલ ખેંચાઈ રહી છે આપની!

દેખી બૂરાઈ ના ડરું હું, શી ફિકર છે પાપની?
ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની!

# ગાંધીનગર તાલુકા પંચાયત દ્વારા તાલુકાની તમામ આંગણવાડીઓમાં રમકડાની કિટ્સ અર્પણ કરાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર તાલુકા પંચાયત દ્વારા પોતાના સ્વભંડોળમાંથી ગાંધીનગર તાલુકામાં આવેલી ૨૮૨ આંગણવાડીઓમાં ૨ લાખ ૩૨ હજારની કિંમતની રમકડાની કટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે.

સમગ્ર રાજયમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત આંગણવાડી, ઘોરણ-૧ અને ૯ બાળકોની પ્રવેશવિધિ સંપન્ન થઈ રહી છે. ત્યારે શાળા અને આંગણવાડીમાં નવા પ્રવેશ પામતા બાળકોને નોટબુક, ચોપડા, પેન્શિલ અને શાળાને ઉપયોગી થાય તેવી અનેક ચીજવસ્તુઓ દાતાશ્રીઓ દ્વારા ભેટ આપવામાં આવી રહી છે. પરંતુ ગાંધીનગર તાલુકા પંચાયત દ્વારા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના કાર્યક્રમને અનેરી રીતે ઉજવી રહ્યા છે.

ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ કાળુજી ઠાકોરે જણાવ્યું હતું કે, ગાંધીનગર તાલુકામાં ૨૮૨ આંગણવાડીઓ આવેલી છે. આ આંગણવાડીઓમાં અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓને રમતા રમતાં સરળતાથી જ્ઞાન મળી રહે તે માટે ગાંધીનગર તાલુકા પંચાયત દ્વારા પોતાના સ્વભંડોળમાંથી તમામ આંગણવાડીને રમકડાની કિટ્સ આપવામાં આવી છે. આ કિટ્સ બાળકોને રમતા રમતા ઘણુ શિખવવામાં ઉપયોગી થાય તેવી છે.

# વાચકોને આમંત્રણ

## 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

## 'મારા પ્રેમાળ પાડોશી'

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પાડોશીનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે